Sale Proforma
13

॥ શ્રી ગણેશાય નમઃ॥

રજીસ્ટ્રેશન સબરજીસ્ટ્રેશન ડીસ્ટીકટ ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાના મોજે માણસા એ ગામની વાણીજય હેતુની સ્થાવર મીલ્કત એટલે કે કે માત્ર ભોયતળીયાની દુકાન( ઉપરદળના હકકો સીવાય)નો વેચાણ લેખ રૂ. /- અંકે રૂપિયા

પુરાનો

## સ્થાવર મિલ્કત વેચાણ રાખી લખી લેનાર :-

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં તમો વેચાણ રાખનાર અથવા લખી લેનાર એ રીતે સંબોધવામાં આવે છે કે જે શબ્દના અર્થમાં તમો લખી લેનાર જાતે અને હાલના તથા વખતો વખતના વંશ વાલી વારસો ટાન્સફરીઓ, એસાઈનીઓ, સકસેસરો, એટનીઓ,એકઝીકયુટરો એડમીનીસ્ટેટરો ,વિગેરે તમામનો સમાવેશ થઈ ગયેલો ગણવામાં આવશે.)

## સ્થાવર મીલ્કત વેચાણ આપી લખી આપનાર :-

મેસર્સ દર્શન કોપોરેશન માણસા તરફે વ.ક. ભાગીદાર

(૧)પટેલ કમલેશભાઈ બેચરદાસ ઉ.આ.વ.૩૮,ધંધો ખેતી

રહે.માણસા તા.માણસા જી.ગાંધીનગર

ઠે.રાણીયાપુરા

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં અમો વેચાણ આપનાર અથવા લખી આપનાર એ રીતે સંબોધવામાં આવે છે કે જે શબ્દના અર્થમાં અમો વેચાણ આપનારા જાતે અને અમારા હાલના તથા વખતો વખતના વંશ વાલી વારસો ટાન્સફરીઓ ,એસાઈનીઓ, સકસેસરો એટનીઓ એડમીનીસ્ટેટરો વિગેરે તમામનો સમાવેશ થઈ ગયેલો ગણવામાં આવશે.)

Scanned by CamScanner

(૧) જત ડીસ્ટીકટ સબડીસ્ટીકટ ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાના મોજે માણસા ગામની સીમમાં આવેલ એન.એ થયેલ રે.સ.નં.૧૭૪૯/૪ જેનુ ક્ષેત્રફળ ૪૨૮૧ ચો.મી અને ૧૭૪૯/૫ વાળી જમીનનુ ક્ષેત્રફળ ૫૧૫૦ ચો.મી.એમ બન્ને જમીનનુ કુલ ક્ષેત્રફળ ૯૪૩૧ ચો.મી વાળી જમીન બીનખેતી કરાવતા મે.પ્રાંત અધિકારી શ્રી કલોલના હુકમ નં. પીઓ./કલોલ/જમીન/બી.ખે/એસ.આર/૬/૧૨/વશી/૫૬૮૭/૧૨ તા.૧૦/૯/૨૦૧૨ થી રહેણાંક સારૂ એન.એ થયેલ ત્યારબાદ સદરહુ જમીન વાણીજય અને રહેણાંક સારૂ મે.પ્રાંત અધિકારી શ્રી કલોલના હુકમ નં. પીઓ./કલોલ/એન.એ./વશી/૭૮૬/૨૦૧૪ તા.૪/૪/૨૦૧૪ થી વાણીજય અને રહેણાંક સારૂ રી.એન.એ. કરાવેલ છે. જે વેચાણ આપનારે વેચાણ હકકે રાખેલ સ્વપાર્જીત સ્થાવર મીલ્કત છે.જે જમીનમાં બાંધકામ કરીને વાણીજય હેતુ માટે દુકાનો બનાવેલ છે.

(૨) સદરહુ જમીન માં બનાવવામાં આવેલ દુકાનો પૈકી માત્ર ભોયતળીયાની દુકાન (પ્રથમ મજલાના કે સેકન્ડ ફલોરના તેમજ સમગ્ર કોમ્પલેક્ષના ઉપરદળના છતના હકકો સીવાય)તેની ઉપરના વેચાણ આપનારના લાગતા વળગતા તમામ પ્રકારના હકક દાવા ઓ સાથે આ વેચાણ લેખ થી તમો વેચાણ લેનારને આજરોજ અમો વેચાણ આપનાર અભરામકુલ નંદાવા અઘાટ વેચાણ આપીએ છીએ આ વેચાણ લેખ વેચાણ લેનાર તથા વેચાણ આપનાર બન્ને તરફના પક્ષકારોની આંતરીક સમજુતીથી સંમત થઈને નીચે પ્રમાણે કરવામાં આવેલ છે.

(૩) આજરોજના આ વેચાણ લેખ થી વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલ્કતનુ વર્ણન ચતુ :સીમાઅને રસ્તાની વિગેરેની હકીકત સદર વેચાણ લેખમાં અલગ પરિશિષ્ટ માં ઈલાયદી દર્શાવવામાં આવેલ છે.

(૪) પરિશિષ્ટ માં જણાવવામાં આવેલ સ્થાવર મીલ્કત એટલે કે દુકાન કે જેની નકકી કરવામાં આવેલ લંબાઈ પહોળાઈ તથા ક્ષેત્રફળવાળી અને તળીયાના છત સુધીની ચોકકસ ઉચાઈ વાળી તેની ઉપરના વેચાણ આપનારના લાગતા વળગતા તમામ પ્રકારના હકક દાવાઓ સાથે તમો વેચાણ લેનારને આજરોજ અમો વેચાણ આપનાર આ વેચાણ લેખથી અભરામકુલ નદાવા અઘાટ વેચાણ આપીએ છીએ.

Scanned by CamScanner

(૫) પરીશિષ્ટ માં જણાવવામાં આવેલ સ્થાવર મીલ્કત એટલે કે સદરહુ દુકાનની વેચાણ કીમંત તમો વેચાણ લેનાર અને અમો વેચાણ આપનારની વચ્ચે રૂા. /- અંકે રૂપિયા પુરા ની નકકી કરવામાં આવેલ છે. અને તે નકકી કરવામાં આવેલ વેચાણ કિમંતના રૂા. /- અંકે રૂપિયા પુરા તમો વેચાણ લેનારની પાસેથી અમો વેચાણ આપનારને આજરોજ સુધીમાં

થી મલ્યા છે.

ઉપર મુજબ વેચાણ કિમંતનો સપુર્ણ અવેજ સ્વીકારીને અવેજની જવાબદારી માંથી મુકત કરીને મળેલ વેચાણ કિમંતની પાકી પાવતી આજરોજના આ વેચાણ લેખ ના સ્વરૂપે આપીને તમો વેચાણ આપનારે સદરહુ સ્થાવર મીલ્કતનો શાંત ખાલી પત્યક્ષ કબજો તમો વેચાણ લેનારને આજરોજ સોપી દીધો છે. સદર સ્થાવર મીલ્કતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ લેનારે જોઈ તપાસી અને ચકાસીને તમામ પ્રકારે સંતોષકારક અને કોઈપણ પ્રકારના ક્ષતિ કે ખામી કે પુર્વ ગ્રહ સીવાય હોવાથી આજરોજ સંભાળી લીધેલ છે.ઉપરાંત સદરહુ સ્થાવર મીલ્કત આજરોજના આ વેચાણ લેખથી તમો વેચાણ લેનારને વેચાણ આપવામાં આવતી હોવાથી સદરહુ સ્થાવર મીલ્કત ઉપરથી અમો વેચાણ આપનારે અમારા લાગતા વળગતા તમામ પ્રકારના હકક દાવાઓ આજરોજ થી તમો વેચાણ લેનારના લાભમાં હીતમાં અને તરફેણમાં ઉઠાવી લીધેલ છે.

(૬) આજરોજ ના આ વેચાણ લેખ થી પરિશિષ્ટ માં દર્શાવવામાં આવેલ સ્થાવર મીલ્કત મીલ્કતના તમો વેચાણ લેનાર આજરોજ થી સંપુર્ણ અને સ્વતંત્ર માલીક થયા છો જેથી માલીક તરીકે સદરહુ સ્થાવર મીલ્કતનો માલીકી કબજો ભોગવટો કરવાતેનો તમારી રીતે ઉપયોગ વ. ઉપભોગ કરવા તેમજ કાયદાની મર્યાદામાં રહીને સમગ્ર ઈમારત માં આવેલ અન્ય મીલ્કતોને કોઈપણ રીતે હાની કે નુકશાન ન થાય તથા કોઈની પણ ધાર્મીક કે સામાજીક લાગણી ને ઠેસ ન પહોચે તે પ્રમાણેના સદર સ્થાવર મીલ્કત પરત્વેના માલીકી હકકો મુખત્યાર કરવા માટે તમો વેચાણ લેનાર આજરોજથી માલીક વ. મુખત્યાર છો ઉપરાંત સદરહુ સ્થાવર મીલ્કત ને જે પ્રમાણે વેચાણ આપવા માં આવેલ છે. તે રીતે અને

Scanned by CamScanner

તે મુજબ જ તમારા હીતમાં લાભ માં કોઈનેપણ કોઈપણ રીતે વેચાણ દાન,ધર્માદા ,ગીરો શાનગીરો વિગેરે તમામ પ્રકારે એસાઈન કે વિનીયોગ કરવા માટે પણ તમો વેચાણ લેનાર માલીક વ.મુખત્યાર છો.

(૭) વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલ્કતને લગતા તમામ પ્રકારના સ્થાનીક કે અન્ય પ્રકારના કરવેરા આજરોજ થી અને આજરોજ પછીથી જે જે નકકી થઈને આવે તે તમામ કરવેરા હવે પછીથી તમો વેચાણ લેનારે જ ભરવાના રહેશે ઉપરાંત સમગ્ર સ્થાવર મીલ્કતને લગતા જમીન મહેસુલની રકમ સમગ્ર કોમ્પલેક્ષ માં આવેલ મીલ્કતોનો સહ માલીકોની સાથે ફાળે પડતી તમો વેચાણ લેનારે (જે જે નકકી થઈને આવે તે ) જ ભરવાના રહેશે.

(૮) વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલ્કતમાં જવા આવવા માટે તાર ટેલીફોન નળ ગટર પાણી પાઈપ લાઈન તેમજ વિધુત જોડાણ જેવી તમામ પ્રકારની સુવિધાઓ મેળવવા સારૂ સદરહુ મીલ્કતની આગળના ભાગે મુકવામાં આવેલ ગેલેરી,રસ્તાનો અવર જવર કરવાનો જ ઉપયોગ કરવાનો રહેશે પરંતુ રસ્તાની જમીનમાં તમો વેચાણ લેનારે કોઈપણ પ્રકારે કાચો કે કામચલાઉ શેડ બનાવીને કોઈપણ પ્રકારનુ સ્થાયી કે અસ્થાયી પેસેજ કે ગેલેરીમાં બાંધકામ ધ્વારા કોઈપણ પ્રકારનુ દબાણ કે અંતરાય કરવા કરાવવાના નથી પરંતુ રસ્તાની જમીન કાયમી ધોરણે ખુલ્લી જ રાખવાની છે.રસ્તાની તથા અન્યમાર્જીન ની ખુલ્લી જમીનમાં જાહેર સુખાકારી કે અન્ય હેતુઓ માટેનુ કોઈપણ પ્રકારનુ કામકાજ કે કૃત્ય કરવા કરાવવાના માલીકી હકકો વેચાણ આપનારના કાયમ હોવાથી(તમો વેચાણ લેનારના હીતોને નુકશાન કે અવરોધ ન થાય તે મુજબના હોવાથી) કાયમ અને અનામત રાખીને જ સદરહુ સ્થાવર મીલ્કત વેચાણ આપવામાં આવેલ છે. જેથી ભવિષ્યમાં તેવા હકકોનો ઉપયોગ કે ઉપભોગ કરવા અંગે તમો વેચાણ લેનાર કોઈપણ રીતે વેચાણ આપનાર ને અટકાવી શકશો નહી કે કોઈપણ પ્રકારે કોઈપણ પ્રકારની નકારાત્મક **અભીગમ વાળી કોઈ જ કાર્યવાહી કરી શકશો નહી**

Scanned by CamScanner

(૯) સદર સમગ્ર ઈમારત કે તેના કોઈપણ ભાગ ને કોઈપણ પ્રકારનુ નુકશાન થાય તેવુ કોઈપણ પ્રકારનુ કૃત્ય તમો વેચાણ લેનારે કરવા કરાવવાનુ નથી તેમજ વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલ્કતના કોઈપણ ભાગે કોઈપણ પ્રકારનુ ખોદકામ બાંધકામ કે ફેરફાર તમો વેચાણ લેનારે કરવા કરાવવાનો નથી સદરહુ સ્થાવર મીલ્કતના તમામ પ્રકારના મેઈન્ટેન્સ મરમ્મત સુધારણા સુધારા સમાર કામ જાળવણી માવજત અને તેની સારી સ્થિતીમાં રાખવાની તમામ જવાબદારી હવે પછીથી તમો વેચાણ લેનારની છે. અને રહેશે.

(૧૦) આજરોજ ના આ વેચાણ લેખમાં પરિશિષ્ટમાં જણાવવામાં આવેલ વર્ણન વાળી અને ચતુઃસીમા વચ્ચેની જે સ્થાવર મીલ્કત છે તે જ સ્થાવર મીલ્કત ઉપર જ તમો વેચાણ લેનાર ને માત્ર સ્વતંત્ર માલીકી હકક આપવામાં આવેલ છે. જેથી સમગ્ર ઈમારત માં આવેલ અન્ય સ્થાવર મીલ્કતો દુકાનોના સહ માલીકોના હીતોને કોઈપણ પ્રકારનુ નુકશાન તકલીફ કે અડચણ અવરોધ થાય કે ધામીક કે સામાજીક રીતે કોઈની લાગણી ન દુભાય તેવુ કોઈ કૃત્ય કે ઉપયોગ તમોને વેચાણ આપવામાં આવેલ સ્થાવર મીલ્કત ધ્વારા કે અન્ય રીતે તમો વેચાણ લેનાર કરી કરાવી શકશો નહી ઉપરાંત સદરહુ સ્થાવર મીલ્કતની કોઈપણ દિવાલ કે છત કે છત ઉપરની કોઈપણ પેરાફીટ કે.આજુબાજુની અથવા તો સમગ્ર ઈમારત માં આવેલ અન્ય દુકાનોવાળી સમગ્ર ઈમારતને કે તેના કોઈપણ ભાગને કોઈપણ પ્રકારની આંચ આવે કે ધ્રુજારી કે કંપન અનુભવાય કે નુકશા થાય તે પ્રમાણેનુ કોઈપણ પ્રકારનુ બાંધકામ કે ખોદકામ સમાર કામ કે ફેરફાર કે તમો વેચાણ લેનાર કરી શકશો નહી સદર વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલ્કતની આજુબાજુ ની મીલ્કતો વ. પ્રીમાઈસીસ ની સ્વચ્છતા તથા શાંતિ જોખમમાં મુકાય તે પ્રમાણેનુ કોઈપણ પ્રકારનુ કૃત્ય તમો વેચાણ લેનારે કરવા કરાવવાનુ નથી

(૧૧) વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલ્કત એટલે કે દુકાનની પછીતની દિવાલ સદર દુકાન અંગેની આગવી માલીકોની જ છે પરંતુ પછીતની દિવાલની બહાર આવેલ સ્થાવર મીલ્કત અન્ય હેતુઓ માટે અનામત રાખેલ હોવાથી પછીતની દિવાલે હવા ઉજાસ માટેની બારી બારણા કે પાણીના નીકાલ માટે નળ ગટર મોટરી કે નીક તમો વેચાણ લેનારને

Scanned by CamScanner

મુકવા મુકાવવાનો કોઈપણ હકક આપવામાં આવેલ નથી

(૧૨) વેચાણ આપવમાં આવતી સ્થાવર મીલ્કતની બન્ને બાજુના કરાની દિવાલે આગળના ભાગે થી વરસાદના પાણીના નીકાલ માટેના રેઈન પાઈપ તથા બનાવવામાં આવેલ સેનીટેશન માટે ના સેનીટરી પાઈપ ઉતારવા માટેના હકકો વેચાણ આપનારના કાયમ અને અનામત છે. તેવા હકકો કાયમ રાખીને જ સદરહુ સ્થાવર મીલ્કત વેચાણ આપવામાં આવેલ છે. ને તે બાબતે તમો વેચાણ લેનારે કોઈપણ પ્રકારનો વાંધો કે વિરોધ હરકત કે તકરાર કે અડચણ કરવા કરાવવાના નથી છતા તેવા કૃત્યો તમો વેચાણ લેનાર ધ્વારા ઉપસ્થિત કરવામાં આવશે તો આજરોજના આ વેચાણ લેખથી તે રદ સમજવાના રહેશે.

(૧૩) વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલ્કત એટલે કે માત્ર ભોયતળીયાની દુકાન (પ્રથમ મજલાના કે સેકન્ડ ફલોરના તેમજ સમગ્ર કોમ્પલેક્ષના ઉપરદળના છતના હકકો સીવાય)સીવાય તેના ઉપર ના ભાગે કે તેની કોઈપણ છત કે છતની પેરાફીટ અને સમગ્ર ઈમારતના કોઈપણ ધાબા ઉપર કે છેલ્લા ધાબા ઉપર તમો વેચાણ લેનારને કોઈપણ પ્રકારનો હકક આપવામાં આવેલ ન હોવાથી તમો વેચાણ લેનારને કે અન્ય કોઈપણ વ્યકિતને (વેચાણ આપનાર સીવાય) કોઈ જ હકકો પાપ્ત થતા નથી જેથી સદર સ્થાવર મીલ્કતની ઉપરના ભાગે આવેલ તમામ ધાબાઓ ઉપર આવવા જવાના ઉપયોગ કરવા કરાવવા તથા આધુનીક સમય પ્રમાણે કોઈપણ પ્રકારના ઈલેકટીક કે ઈલેકટોનીક ઉપકરણો મુકવા મુકાવવાના કે અન્ય કોઈપણ પ્રકારના હકકો વેચાણ લેનારને આપવામાં આવેલ નથી ઉપરાંત સમગ્ર ઈમારતની આજુબાજુની ખુલ્લી માર્જીનની ખુલ્લી જમીન કે તેની અન્ય સ્થાવર મીલ્કત કોઈપણ ભાગ ઉપર વેચાણ લેનારનો કોઈપણ પ્રકારનો હકક દાવો નથી જેથી વેચાણ લેનાર કોઈપણ પ્રકારના હકક દાવાઓ ઉભા કરે તો આ વેચાણ લેખ થી રદ બાતલ ગણવાના રહેશે અને તેવી મીલ્કતોમાં બાંધકામ કરવાના માલીકી કબજો ભોગવટો કરવાના તથા કોઈપણ પ્રકારે તે મીલ્કતો તબદીલ કરવાના વેચાણ આપનારના હકકો કાયમ અને અનામત છે. મે. ઉપરાંત ડી.પી સ્કીમ અન્વયે ભવિષ્યમાં સમગ્ર સ્થાવર મીલ્કતને મળવા પાત્ર એફ એસ આઈ ના હકકો વેચાણ

Scanned by CamScanner

આપનાર ના કાયમ અને અનામત છે.ઉપરાંત સમગ્ર ઈમારતના છેલ્લા ધાબા ઉપર જવા આવવાના તેનો તમામ પ્રકારે ઉપયોગ કરવાના તેમજ તેને તમામ પ્રકારે તબદીલ કરવાના તમામ પ્રકારના માલીકી હકકો વેચાણ આપનાર ના અબાધિત અને અનામત તેમજ કાયમ છે.

(૧૪) આપણી વચ્ચે ના આજરોજના આ વેચાણ વહેવાર તથા વેચાણ લેખને ધ્યાનમાં રાખીને વેચાણ આપનારને ભવિષ્યમાં જયાં જયાં અને જરૂર જણાય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે જરૂરી સહી સંમતી જવાબ કબુલાત વિગેરે આપવાના હોવાથી તમો વેચાણ લેનારે અને તમારા પુરોગામીઓ વિનાસંકોચ કોઈપણ પકારના વાંધા વિરોધ સીવાય આપવાના રહેશે જે માટે તમો વેચાણ લેનાર સપુર્ણપણે કબુલ મંજુર અને બંધનકર્તા છો તે ઉપરાંત તે જ પ્રમાણે વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલ્કત અંગે વેચાણ રાખનારના નામે નામફેર કરવા લેનારને જરૂર પડે ત્યારે જરૂરી સહી સંમતી જવાબ કબુલાત વિગેરે આપવા સારૂ અમો વેચાણ આપનાર કબુલ મંજુર અને બંધનકર્તા છીએ.

(૧૫) દસ્તાવેજના હેતુ માટે જમીનતળનો વણ વહેચાયેલ ૧/૩ હીસ્સો દર્શાવવામાં આવેલ છે. પરંતુ 'સદરહુ શોપીંગ માં ભવિષ્યમાં જેટલા મજલાનુ બાંધકામ કરવામાં આવશે તેના પ્રમાણમાં જમીન તળનો વણ વહેચાયેલ હીસ્સો ગણવાનો રહેશે

(૧૬) વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલકતના તમામ પ્રકારના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ છે. તેની અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને ખાતરી અને બાંહેધરી આપેલ છે. સદર વેચાણ લેખ અંગે થનાર તમામ ખર્ચ જેવુ કે સ્ટેમ્પ ડયુટી ,રજીસ્ટેશન ફી,વકીલ ફી, ટાઈપ, ઝેરોક્ષ, જેવુ તમામ ખર્ચ આપણી વચ્ચે નકકી થયા પ્રમાણે તમો વેચાણ લેનારે ભોગવેલ હોવાથી તે માટેની તમામ જવાબદારી તમો વેચાણ લેનારની અગત છે અને રહેશે.

(૧૭) વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલ્કતના બાંધકામની તથા અન્ય બાબતોની પર્વતમાન ધારા ધોરણ પ્રમાણે ચકાસણી કરીને જોઈ તપાસી અને ચકાસીને તેમજ ખાતરી કરીને પુરો સંતોષ થતા તમો વેચાણ લેનાર ખરીદ કરવા સારૂ સંમત થઈને વેચાણ રાખેલ છે.

Scanned by CamScanner

તેમજ સદર સ્થાવર મીલ્કતના બાંધકામ કે અન્ય બાબતો સારી સ્થિતિમા હોવાની બાબત તમો વેચાણ લેનારે ગ્રાહય રાખેલ છે. જેમાં કોઈ ખામી કે ક્ષતિ પુર્વગ્રહ નથી તે બાબત તમો વેચાણ લેનાર સ્વીકારતા હોવાથી બાંધકામ કે અન્ય બાબતે તમો વેચાણ લેનારને કોઈ વાંધો તકરાર હરકત કે તકરાર નથી. જેથી ભવિષ્ય માં તે બાબતે તમો વેચાણ લેનાર કોઈપણ પ્રકારનો દાવો કે કલેઈમ કરી કરાવી શકશો નહી જે બાબતની લેખીત ખાતરી અને બાંહેધરી પાકા વિશ્વાસ અને ભરોસા સાથે તમો વેચાણ લેનારે આજરોજ આ વેચાણ લેખથી અમો વેચાણ આપનારને આપેલ છે કારણ કે તમો વેચાણ લેનાર તમારા પોતાના સીવીલ એન્જીનીયર ધ્વારા બાંધકામ બાબતે તમામ પ્રકારની ચકાસણી કરાવીને તેના તરફ થી સંતોષકારક જવાબ મેળવ્યા પછીથી જ સદર સ્થાવર મીલ્કત ખરીદ કરેલ છે. જેથી ભવિષ્યમાં સદર સ્થાવર મીલ્કત અંગે થનાર આસમાની સુલતાની કે અન્ય બાબતે ગ્રાહક સુરક્ષા કાયદા નીચે કે અન્ય કોઈ કાયદા અન્વયે વેચાણ આપનારની વિરૂધ્ધમાં કોઈપણ કોર્ટ કચેરીનો તમો વેચાણ લેનાર આશ્રય લેશો નહી કે કોઈપણ પ્રકારના દાવાદુવી વળતર કે કલેઈમ કરશો કે કરાવશો નહી તેવી તમો વેચાણ લેનારની પાકા વિશ્વાસ અને ભરોસા સાથેની બાહેધરી થી જ સદર સ્થાવર મીલ્કત વેચાણ આપવામાં આવેલ છે.

(૧૮) સદરહુ વેચાણ લેખથી વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલ્કતનુ વર્ણન ચતુ : સીમા તથા રસ્તાની હકીકત નીચેના પરિશિષ્ટમાં જણાવેલ છે.

## પરિશિષ્ટ

મોજે માણસા તા.માણસા એ ગામમાં રે.સ.નં.૧૭૪૯/૪ અને૧૭૪૯/૫ માં બનાવવામાં આવેલ સ્થાવર મીલ્કત એટલે કે માત્ર ભોયતળીયાની દુકાન(પ્રથમ મજલાના કે સેકન્ડ ફલોરના તેમજ સમગ્ર કોમ્પલેક્ષના ઉપરદળના છતના હકકો સીવાય) વેચાણ આપીએ છીએ.

| એન.એ રે.સ.નં. | દુકાન નં. | ક્ષેત્રફળ ચો.મી |
|---|---|---|
| ૧૭૪૯/૪ અને ૧૭૪૯/૫ | | |

Scanned by CamScanner

## તે વેચાણ આપેલ મીલ્કતની ચતુ : સીમા

પુર્વે

પશ્ચિમ

ઉત્તર

દક્ષિણ

રસ્તો વેચાણ આપવામાં આવતી સ્થાવર મીલ્કતમાં જવા આવવા સારૂ તથા તાર ટેલીફોન નળ ગટર પાણી પાઈપ વિધુત જોડાણ જેવી સુવિધાઓ મેળવવા સારૂ સદરહુ શોપીંગમાં આગળના ભાગે જ મુકવામાં આવેલ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે પરંતુ રસ્તાની કે માર્જીનની કે કોમન પાર્કીંગ પ્લોટ ની ખુલ્લી જમીનમાં કોઈપણ પ્રકારનુ દબાણ વેચાણ લેનારે કરવા કરાવવાનુ નથી કારણ કે રસ્તાની માર્જીનની કે કોમન પાર્કિંગ પ્લોટની ખુલ્લી જમીનમાં ઉપરના મજલાઓમાં જવા આવવા સારૂ કાયમી કે અસ્થાયી ધોરણે સીડીઓ મુકવાના તથા જાહેર સુખાકારી સેનીટેશનની સગવડો વિકસાવવા માટેના વેચાણ આપનારના હકકો કાયમ અને અનામત છે તેમજ રાખવામાં આવેલ છે.

ઉપર પ્રમાણેનો આ વેચાણ લેખ તમો વેચાણ લેનાર અને અમો વેચાણ આપનાર બન્ને તરફના તમામ પક્ષકારોએ આપણા વંશ વાલી વારસો સાથે સંપુર્ણ પણે કબુલ મંજુર અને બંધનકર્તા છે. જેની સાબીતી રૂપે તે નીચે આપણે બન્ને તરફના તમામ પક્ષકારોએ આપણી સહીઓ આજરોજ સાક્ષીઓની રૂબરૂમાં કરેલ છે.તા. / /૧૮

સહી વેચાણ આપનાર　　　　　　　　સાક્ષી

મેસર્સ દર્શન કોપોરેશન માણસા તરફે વ.ક. ભાગીદાર

કમલેશભાઈ બેચરભાઈ પટેલ

Scanned by CamScanner